વારાણસી એરપોર્ટ પર મુસાફરની પિસ્તોલમાંથી અકસ્માતે ગોળી છૂટતા બે ઘાયલ

વારાણસી(યુપી), તા. 16(પીટીઆઈ): રવિવારે સવારે વારાણસી એરપોર્ટ પર સિક્યુરિટી સ્ક્રીનિંગ (સુરક્ષા તપાસ) દરમિયાન એક મુસાફરની લાયસન્સ વાળી પિસ્તોલમાંથી "અકસ્માતે" ગોળી છૂટી જતાં બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસે મુસાફર કમલેશ કેદારનાથ રાયની અટકાયત કરી છે અને તેની વિરુદ્ધ BNS (ભારતીય ન્યાય સંહિતા)ની કલમ 125 (માનવ જીવન અથવા અન્યોની વ્યક્તિગત સુરક્ષા જોખમાવે તેવું બેદરકારીભર્યું કૃત્ય) હેઠળ કેસ નોંધ્યો છે.

મહાકાલ મંદિરમાં ખોવાયેલા ચંપલ શોધવા AIનો ઉપયોગ!

પણજી, તા. ૧૬(PTI): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સામાન્ય સમસ્યાઓનો રમુજી રીતે ઉકેલ લાવી શકે છે તે સાબિત કરતાં, ગોવાના એક વ્યક્તિએ મંદિરની બહાર બૂટ-ચંપલના વિશાળ ઢગલામાંથી પોતાના જૂતા શોધવા માટે ચેટજીપીટીનો ઉપયોગ કર્યો હતો. શુભંગ બોરકરે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરની બહાર પોતાના ફોનને સ્કેનિંગ ડિવાઇસ તરીકે વાપર્યો હતો. તેણે ફૂટવેરના ફોટા ચેટબોટ સાથે શેર કર્યા, અને તેના આધારે AI એ તેની ગાયબ થઈ ગયેલી ચંપલની જોડી શોધી આપી હતી.

NTAએ 84 વિષયો માટે UGC-નેટની આન્સર કી જાહેર કરી

નવી દિલ્હી, તા. 16 (PTI) નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ રવિવારે યુજીસી-નેટ જૂન 2026 પરીક્ષાના 84 વિષયો માટે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. એક્સ પરની એક પોસ્ટમાં એનટીએએ જણાવ્યું હતું કે, વાંધા અરજી વિન્ડો ખુલ્લી છે અને તે 16 ઓગસ્ટથી 18 ઓગસ્ટ રાત્રે 11:59 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. એજન્સીએ જણાવ્યું હતું કે, ઉમેદવારોએ વાંધાઓ નોંધાવવા માટે પ્રશ્નદીઠ 200ની પ્રોસેસિંગ ફી ચૂકવવી પડશે, જેમાં ફી ચુકવણીની અંતિમ તારીખ 18 ઓગસ્ટ રાત્રે 11:59 વાગ્યા સુધીની છે.

બંગાળના માજી નાયબ સ્પીકર આશિષ બેનરજી ફાંસો ખાધેલી હાલતમાં મળ્યા

તૃણમૂલના આ વરિષ્ઠ નેતા બીરભૂમ જિલ્લામાં પક્ષના કાર્યાલયમાં લટકતી હાલતમાં મળ્યા, મોત અંગે રાજકીય આરોપ-પ્રત્યારોપ

કથિત સુસાઇડ નોટમાં રાજકારણમાં પ્રવેશવા બદલ અફસોસ વ્યક્ત કર્યો, પોતે કોઇ ભ્રષ્ટાચાર કર્યો નહીં હોવાનું પણ લખ્યું છે

રામપુરહાટ, તા. ૧૬(પીટીઆઈ): પશ્ચિમ બંગાળ વિધાનસભાના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર આશિષ બેનર્જી રવિવારે સવારે બીરભૂમ જિલ્લામાં એક તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી કાર્યાલયમાં ફાંસો ખાધેલી હાલતમાં લટકતા મળી આવ્યા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું. તેમના નિધન પછી મૃત્યુ સંબંધિત પરિસ્થિતિઓ અંગે ટીમસી અને ભાજપ વચ્ચે રાજકીય આરોપ પ્રત્યારોપની રમત શરૂ થઈ હતી.

પોલીસે જણાવ્યું કે હટતલા પાડામાં તેમના નિવાસસ્થાન નજીક આવેલી પાર્ટી ઓફિસમાંથી એક કથિત આત્મહત્યા નોંધ પણ મળી આવી છે. તેઓ ૭૪ વર્ષના હતા અને પરિવારમાં તેમની પત્ની તથા પુત્ર છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત સુસાઇડ નોટમાં બેનર્જીએ જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે કે તેમના મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી અને તેમણે રાજકારણમાં પ્રવેશવા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. જોકે, પીટીઆઈ આ પત્રની પ્રામાણિકતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શક્યું નથી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તેમના મૃત્યુ તરફ દોરી ગયેલા ચોક્કસ સંજોગો હજુ સુધી જાણી શકાયા નથી, અને પોલીસ કથિત સુસાઇડ નોટની સામગ્રી તથા આ ઘટના સંબંધિત અન્ય સંજોગોની તપાસ કરી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ઇન્ડોનેશિયામાં 7.7ની તીવ્રતાના ભૂકંપથી 51ના મોત, મરણાંક વધી શકે

100 લોકો ઘાયલ, 900થી વધુ ઘરો નાશ પામ્યાં, આશરે 5000 લોકો આશ્રયસ્થાનોમાં

રૂતેંગ (ઈન્ડોનેશિયા), તા. ૧૬ (AP): પૂર્વ ઈન્ડોનેશિયામાં શનિવારે આવેલા ૭.૭ની તીવ્રતાના ભૂકંપ બાદ રવિવારે રેસ્ક્યુ ટીમે વધુ ચાર મૃતદેહો બહાર કાઢ્યા હતા, જેની સાથે જ મૃત્યુઆંક વધીને ૫૧ પર પહોંચી ગયો છે અને હજારો લોકો બેઘર બન્યા છે. એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) જણાવ્યા અનુસાર, આ શક્તિશાળી ભૂકંપ પૂર્વ ઈન્ડોનેશિયાના ફ્લોરેસ વિસ્તારમાં સ્થાનિક સમય મુજબ સવારે ૫:૫૮ વાગ્યે ૧૦ કિલોમીટર (૬ માઈલ)ની ઊંડાઈએ આવ્યો હતો. સુનામીની ચેતવણી જારી કર્યા બાદ તેને પાછી ખેંચી લેવાતાં સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ભાગદોડ મચી ગઈ હતી. ઈન્ડોનેશિયાની હવામાન એજન્સીના જણાવ્યા મુજબ, ત્યાર બાદ ઓછામાં ઓછા ૨૩૫ આફ્ટરશોક્સ અનુભવાયા હતા. મુસ્લિમ બહુમતી ધરાવતા ઈન્ડોનેશિયામાં કેથોલિક બહુમતી ધરાવતા ફ્લોરેસ ટાપુના છ જિલ્લાઓમાં ભૂકંપના કારણે સર્જાયેલા ભૂસ્ખલન નીચે દબાયેલા લોકોની શોધખોળ માટે રવિવારે રેસ્ક્યુ ટીમે કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. તેઓએ સૌથી વધુ અસરગ્રસ્ત મંગરાઈ, ઈસ્ટ મંગરાઈ અને નાગેકેઓ નામના ત્રણ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જે ભૂકંપ બાદ સંપર્કવિહોણા થઈ ગયા હતા. સિક્કા જિલ્લાની રાજધાની માઉમેરે સ્થિત સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા ફાથુર રહમાને જણાવ્યું હતું કે, "અમે મોટા ભાગના ભૂસ્ખલનના કાટમાળને હટાવી દીધા છે અને અગાઉ સંપર્કવિહોણા થયેલા ગામડાઓના રસ્તાઓ ફરીથી ખુલ્લા કર્યા છે. જોકે, નેટવર્ક ખોરવાઈ જવા અને વીજળી ગુલ થવાના કારણે શોધખોળના પ્રયાસોમાં અડચણો આવી રહી છે."

બંગાળમાં CJP કાર્યકરના પિતાનું હુમલામાં મોત : ભાજપ કાર્યકરો સામે ફરિયાદ

ભાજપે આ ઘટનાથી છેડો ફાડ્યો, કહ્યું કે કોઇ કાર્યકર દોષિત જણાશે તો ભાજપ તેનો બચાવ નહીં કરે

કોલકાતા/ નવી દિલ્હી, 16 ઓગસ્ટ (પીટીઆઈ): પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લામાં પોતાના ઘરે થયેલા કથિત હુમલા બાદ 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના એક કાર્યકર્તાના પિતાનું મૃત્યુ થતાં રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. આ ઘટના સાથે ભાજપે કોઈ પણ સંગઠનાત્મક જોડાણ હોવાનો ઇનકાર કર્યો છે, જ્યારે બીજી તરફ રાજ્ય પોલીસે રવિવારે આ મામલે આઠ લોકોની ધરપકડ કરી છે.

પીડિતના પત્ની હસીના બેગમે દિવસ દરમિયાન ઈન્દાસ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમણે પાંચ લોકોના નામ આપ્યા હતા અને 10-15 હુમલાખોરો સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ફરિયાદના આધારે જ આ ધરપકડો કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદમાં નામ અપાયેલ પાંચમાંથી ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને અન્ય પાંચની અટકાયત કરવામાં આવી છે. પોલીસે બાદમાં જણાવ્યું હતું કે બપોરે આસપાસ ફરિયાદ મળી હતી અને ત્યારબાદ તમામ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓને બિષ્ણુપુર સબ-ડિવિઝનલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં પોલીસે તેમના રિમાન્ડ માંગ્યા હતા. મૃતક જનાબ માફિકનું શનિવારે રાત્રે બર્ધમાન મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. કથિત હુમલાના બે દિવસ પછી તેમણે દમ તોડ્યો હતો. સીજેપીના જણાવ્યા પ્રમાણે તેનો કાર્યકર હફીઝ દિલ્હીમાં વિરોધ પ્રદર્શનોમાં ભાગ લઈને પાછો ફર્યો હતો. સ્કુલ ઠીક કરો અભિયાનના ભાગરૂપે તે એક શાળામાં ગયો હતો. સીજેપીના કહેવા પ્રમાણે શાળાના એક શિક્ષકે આ અંગે સ્થાનિક ભાજપ કાર્યકરોને જાણ કરી હતી તે પછી કાર્યકરોએ હફીઝના ઘરે જઈને તેના પર અને તેના પિતા પર હુમલો કર્યો હતો.

સિસિલીના પ્રસિદ્ધ મ્યુઝિયમમાંથી કરોડો ડોલરના ચાર ચિત્રો ચોરાયા

મેસિના શહેરના મ્યુમ મ્યુઝિયમમાંથી વિખ્યાત ચિત્રકાર એન્ટોનેલો દ મેસિનાની ચાર મૂલ્યવાન કલાકૃતિઓ ચોરાઇ ગઇ

મિલાન, તા. ૧૬(એપી): સિસિલીના મેસિના શહેર મ્યુઝિયમમાંથી પુનરુત્થાન કાળના પ્રખ્યાત ચિત્રકાર એન્ટોનેલો દ મેસિનાની કરોડો યુરોની કિંમતની ચાર કલાકૃતિઓની ચોરી થઈ છે. ન્યૂઝ એજન્સી 'LaPresse'ના અહેવાલ મુજબ, ચોરોએ શનિવારે સાંજે 'MuMe' મ્યુઝિયમના અલાર્મ અને સુરક્ષા સિસ્ટમને નિષ્ક્રિય કરી દીધી હતી. તેઓ ૧૪૭૩ની સાલના 'સાન ગ્રેગોરિયો પોલિપ્ટીચ'ના બચેલા પાંચ પેનલોમાંથી ત્રણ પેનલ તેમજ 'વર્જિન મેરી અને મૃત ખ્રિસ્ત' દર્શાવતી બંને બાજુની પેનલ ચોરી ગયા હતા, જેને આર્મર્ડ ડિસ્પ્લે કેસમાંથી હટાવવામાં આવી હતી. તેમણે 'સાન ગ્રેગોરિયો પોલિપ્ટીચ' ના તમામ પાંચેય પેનલને તેમની ફ્રેમમાંથી હટાવી દીધા હતા.

પેજ 3

વિમલ ઈલાયચી જાહેરાત મામલે શાહરૂખ, અજય, ટાઇગરને FDAની નોટિસ

મુંબઈ, તા. 16 મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને વિમલ ઈલાયચીની તેમની જાહેરાત માટે કારણ દર્શાવો નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ પ્રથમ દૃષ્ટિએ પ્રતિબંધિત પાન મસાલા અને તમાકુ સંબંધિત ઉત્પાદનોના 'અપ્રત્યક્ષ કે સરોગેટ' પ્રચાર સમાન છે. એફડીએએ જણાવ્યું હતું કે, જાહેરાતમાં 'વિમલ ઈલાયચી' શબ્દનો ઉપયોગ વિમલ પાન મસાલા બ્રાન્ડ સાથે જોડાણ ઊભું કરતો હોય તેવું જણાય છે અને તે ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે જ્યારે અપ્રત્યક્ષ રીતે પ્રતિબંધિત ઉત્પાદનનું પ્રમોશન થઈ શકે છે.

અભિનેત્રી અનન્યા રાજનું 27 વર્ષની ઉંમરે ઊંઘમાં જ અવસાન થયું

મુંબઇ, તા. 16 : '7 અવર્સ ટુ ગો', 'ધ ફાઇનલ એક્ઝિટ' અને 'ઘોસ્ટ' જેવી ફિલ્મોમાં અભિનય કરનારી અભિનેત્રી અનન્યા રાજનું 15 જુલાઈના રોજ ઉંઘમાં જ અવસાન થયું હતું, તેના મૃત્યુના એક મહિના પછી, તેના પરિવારે તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં અભિનેત્રીના અવસાનની જાહેરાત કરી. પોસ્ટમાં લખ્યું હતું કે, આ અનન્યાનો પરિવાર છે. ખૂબ જ દુઃખ સાથે અમે 15 જુલાઈના રોજ વહેલી સવારે અનન્યાના અવસાનની જાહેરાત કરીએ છીએ. એક વર્ષથી વધુ સમયથી, તે શારીરિક અને માનસિક મુશ્કેલીઓથી પીડાતી હતી અને તેમને દૂર કરવા માટે યોદ્ધાની જેમ લડી રહી હતી.

હંગેરીમાં બસ અકસ્માતમાં 12નાં મોત

બુડાપેસ્ટ, તા. 16 (AP) હંગેરીમાં રવિવારે વહેલી સવારે એક હાઇવે પર દોડી રહેલી પેસેન્જર બસ રસ્તા પરથી નીચે ઊતરીને ઊંડી ખાઈમાં ખાબકતાં 12 લોકોનાં મોત થયાં હતાં અને અન્ય લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. પોલિશ પ્રવાસીઓના જૂથને લઈ જઈ રહેલી બસ મેઝોકેરેસ્ઝટેસ શહેર નજીક પૂર્વ તરફ જવાના માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે હંગેરીની રાજધાની બુડાપેસ્ટથી લગભગ 140 કિલોમીટર પૂર્વમાં એમ3 મોટરવે પર રવિવારે સવારે લગભગ 1 વાગ્યે તે પલટી ગઈ હતી. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સંભવિત છે કે ડ્રાઇવરને ઝોકું આવી ગયું હતું, જેના કારણે આ અકસ્માત થયો હતો અને ડ્રાઇવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.